# ચિંતનાત્મક નિબંધોની મહેકતી ફૂલવાડી | ફાધર વર્ગીસ પૉલ

[**'પુષ્પપરાગ'** : ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન, પ્રકા. એમ. એમ. સાહિત્ય પ્રકાશન, મહાવીર માર્ગ, આણંદ-૩૮૮ ૦૦૧, પાકું પૂંઠું, પૃ. ૧૯૪+૧૪ = ૨૦૮, કિં. રૂ. ૯૫/-]

'પુષ્પપરાગ' એ મારા મિત્ર ફ્રેડરિક બહેચરભાઈ ક્રિશ્ચિયનનો પ્રથમ નિબંધસંગ્રહ છે. કુલ ૩૬ ચિંતનાત્મક નિબંધનો સંગ્રહ 'પુષ્પપરાગ' ફ્રેડરિકભાઈનું બીજું પુસ્તક છે. એમનું પ્રથમ પુસ્તક 'મારા નામના અક્ષરો' નામનો કાવ્યસંગ્રહ છે. લેખકને કિશોરાવસ્થાથી લેખનનો શોખ છે, એટલે તેઓ લાંબા ગાળાથી કાવ્યો, વાર્તાઓ અને નિબંધો જેવા સાહિત્યના વિવિધ પ્રકારો ખેડતા રહ્યા છે.

ફ્રેડરિકભાઈ સાથે મારે ઘણો જૂનો સંબંધ છે. હું ૧૯૬૯થી ૧૯૯૪ સુધીના ગાળામાં પંદરેક વર્ષ કૌટુંબિક માસિક 'દૂત'નો તંત્રી રહી ચૂક્યો છું. તે સમયમાં ફ્રેડરિકભાઈ સાથે મારો પ્રથમ પરિચય એમણે 'દૂત'માં છાપવા મોકલેલાં લખાણો દ્વારા થયો હતો. એમનાં ઘણાં કાવ્યો અને કેટલાક લેખો હું 'દૂત'નો તંત્રી હતો ત્યારે પ્રગટ કર્યાનું મને યાદ છે. પછી ટૂંકા ગાળા માટે ફ્રેડરિકભાઈ 'દૂત' કાર્યાલયમાં મારા સહકાર્યકર પણ બન્યા હતા.

પછી ગુજરાતી કૅથલિક પ્રેસ એસોસિયેશન (જી.સી.પી.એ.)માં પણ એમની સાથે કામ કરવાનો મોકો મને મળ્યો છે અને એના પરિણામ રૂપે ૧૯૮૫માં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ જી.સી.પી.એ.ના પ્રમુખ તરીકે હું પ્રકાશિત કરી શક્યો છું. આ બધા સમય દરમિયાન ફ્રેડરિકભાઈ નિયમિત કાવ્યો લખતા રહ્યા અને એને 'ચાંદની', 'નયા માર્ગ', 'જન્મભૂમિ', 'દૂત', 'કવિતા', 'કવિલોક', 'સ્ત્રી' જેવાં ઘણાં સામયિકો અને અખબારોમાં પ્રકાશિત કરતા રહ્યા.

પચીસેક વર્ષના આ સમયગાળામાં કોઈક વાર ફ્રેડરિકભાઈ નિબંધ પણ લખતા રહ્યા છે અને ''સંદેશ''ના 'સ્ત્રી' સામયિક અને 'દૂત' જેવા કોઈ ને કોઈ સામયિક કે અખબારની પૂર્તિમાં એ નિબંધ પ્રકાશિત પણ કર્યા છે. દાખલા તરીકે ''પુષ્પ પરાગ'' પુસ્તકનો ૨૩મો લેખ 'વૃદ્ધ ન બનો, મહાન બનો' હું 'દૂત'નો તંત્રી હતો ત્યારે 'દૂત'ના જાન્યુઆરી ૧૯૮૫માં પ્રકાશિત કર્યો હતો. ફ્રેડરિકભાઈએ આ રીતે લખેલા નિબંધોમાંથી પસંદ કરેલા ૩૬ નિબંધોનો એમણે 'પુષ્પપરાગ'માં સમાવેશ કર્યો છે.

ફ્રેડરિકભાઈએ પુસ્તકના આમુખમાં નોંધ્યું છે તેમ, એમના ''નિબંધસંગ્રહમાં મારી-તમારી, આપણા સૌની વાત'' છે. એમના લખાણમાં કોઈ કૃત્રિમતા નથી. પણ તેમના શબ્દોમાં કહીએ તો ''હૃદયગુહામાંથી નીકળેલો શબ્દ છે.'' આખા પુસ્તકમાં આપણે ફ્રેડરિકભાઈની કેટલીક વિશેષતાઓ નોંધી શકીએ છીએ.

એક, ફ્રેડરિકભાઈ આંતરિક અનુભૂતિથી લખે છે. પોતાના નિબંધો માટે પોતાને ઊંડાણથી સ્પર્શેલા વિષયો તેમણે પસંદ કર્યા છે.

આંતરરાષ્ટ્રીય બાળવર્ષ ૧૯૭૯માં લખેલો પુસ્તકનો ૨૦મો લેખ ''સંતાનો પ્રત્યેનો માબાપનો અભિગમ''માં લેખક ફ્રેડરિકભાઈએ એક પડોશીના ઘરની વાત કરી છે.

''સવારમાં... આંખ ખોલું છું... ત્યાં જ પ્રભાતમાં...સહજ વાણીમાં પડોશમાંથી ગાળોનો અવાજ મારા કાને અથડાઈ ચૂક્યો ! સ્ત્રી એનાં બાળકોને ભાંડતી હતી. એમાં કંઈક અધૂરું હોય એમ એના પતિએ સાથ પુરાવ્યો.

'''સાલો છે જ હરામખોર.' પછી પોતાની બૈરીને સંબોધન કરી બોલ્યો : 'તેં ક્યાંથી આવી વેતર પેદા કરી ?'

'''જેવું તારું લોઈ એવી તારી વેતર !' સ્ત્રી બોલી અને ચોમાસાના તોફાની ગર્જનોની જેમ સામસામી તદ્દન બીભત્સ ગાળો બોલવાની શરૂ કરી દીધી.''

પોતાના પડોશીઓની આ વાત સંવેદનશીલ લેખકના મનમાં અનુભૂતિના તાંતણાઓને સ્પર્શી ગઈ. એમાંથી ફ્રેડરીકભાઈ સંતાનો પ્રત્યેના મા-બાપના અભિગમ અંગે એક સુંદર ચિંતનાત્મક લેખ લખી શક્યા છે.

બે, 'પુષ્પપરાગ'ની એક બીજી વિશિષ્ટતા એના નિબંધોનું વિષય-વૈવિધ્ય છે. એમાં 'કેરલના સૌંદર્યધામમાં' અને 'વૃક્ષોની મમતા' જેવા પ્રકૃતિપ્રેમના નિબંધો છે. 'સર્જનની સૃષ્ટિમાં', 'માની વિદાય' અને 'મારા બાપુજી' જેવા આત્મકથાનક નિબંધો છે. 'ઉત્સાહ' (પૃ. ૫૨-૫૬), 'વિશ્વાસ' (પૃ. ૩૧-૩૬), 'પ્રેમ' જેવા જીવનમૂલ્યોને બિરદાવતા નિબંધો છે.

''ઉત્સાહ જીવનનો સ્રોત છે'' નામના નિબંધમાં ફ્રેડરિકભાઈ લખે છે, ''આ ઉત્સાહ શું છે ? ઉત્સાહ એ કૈંક એવું ગૂઢ તત્ત્વ છે જે સામાન્ય માનવીને પણ એક વિરલ વ્યક્તિ બનાવી દે છે. ઉત્સાહ એ એવી વસ્તુ છે જે થાકમાંથી શક્તિ પ્રતિ ઊંચા કરે છે. એમાંથી જ આત્મવિશ્વાસ પ્રગટી ઊઠે છે. વૃદ્ધાવસ્થામાંય જુવાનીનું જોમ જાળવી રાખે છે. એમાં એક જાતનું ચુંબકીય તત્ત્વ છે જે અન્યને પોતા તરફ આકર્ષે છે. દિગ્મૂઢ કરે છે. એટલે તો આપણે એવી થોડી વિરલ વ્યક્તિઓ પ્રતિ પ્રવાહિત બનીને ખેંચાઈ જઈએ છીએ. જિંદગી પ્રત્યેની ઉદાસીનતા પાયામાં લૂણો લગાડે છે, જ્યારે ઉત્સાહ જિંદગીને હર ક્ષણે નવપલ્લવિત રાખે છે'' (પૃ. ૫૪).

ફ્રેડરિકભાઈ વ્યવસાયે શિક્ષક છે. તેમના વ્યવસાયને અનુરૂપ 'પુષ્પપરાગ'ના મોટા ભાગના નિબંધો બાળ ઘડતર ('બાળકની જિજ્ઞાસાવૃત્તિ' પૃ. ૯૬ અને 'બાળકના જીવનમાં ધાર્મિક શિક્ષણ' પૃ. ૧૪૨), યુવાઘડતર ('યુવાવર્ષ' પૃ. ૬૩ અને 'યુવા પેઢીનો વિકાસ' પૃ. ૮૯), વ્યક્તિઘડતર ('વ્યક્તિમાં વાસ્તવિકતા...' પૃ. ૧૫૬) જેવા જીવનઘડતરના લેખો છે. પણ તેમના મોટા ભાગના નિબંધોને પ્રેરણાત્મક અને ચિંતનાત્મક કક્ષાએ મૂકી શકાય છે.

ત્રણ, માનવમૂલ્યોનું જતન 'પુષ્પપરાગ'ની ત્રીજી વિશિષ્ટતા છે. ફ્રેડરિકભાઈ પોતાના નિબંધોમાં શિક્ષક હોવા છતાં કોઈ ઉપદેશ કે બોધ આપતા નથી, પણ માનવમૂલ્યોનું જતન કરવાનો સભાન પ્રયત્ન કરે છે. એમણે આમુખમાં નોંધ્યું પણ છે કે, ''આ પુસ્તકમાં મેં માનવમૂલ્યોની જીવનમાં સુખ-દુઃખની, જીવનનાં આદર્શો, સંસ્કારો તથા જીવનને પડકારતાં પરિબળોનો સામનો કરી ઝઝૂમવાની વાતો વણી લીધી છે.''

ચાર, 'પુષ્પપરાગ'ની ચોથી વિશિષ્ટતા લેખકનો પ્રકૃતિ-પ્રેમ છે. એમના 'કેરલના સૌંદર્યધામમાં' (પૃ. ૧), 'વૃક્ષોની મમતા' (પૃ. ૫૭) તથા 'કાગડા વચ્ચે બુલબુલ' (પૃ. ૧૭૭) જેવા નિબંધ લેખકના પ્રકૃતિ-પ્રેમ અને નિરીક્ષણશક્તિના ઉત્તમ નમૂનાઓ છે.

પાંચ, 'પુષ્પપરાગ'માં મને સ્પર્શતી સૌથી મોટી વિશેષતા લેખકની સાહિત્યિક ભાષાશૈલી છે. સમગ્ર પુસ્તકની ભાષા સાદી અને સરલ છે. એમાં એક સાહિત્યગ્રંથને શોભે એવી કહેવતો, રૂઢિપ્રયોગો અને ઉપમા, ઉત્પ્રેક્ષા જેવા અલંકારો પ્રચુર પ્રમાણમાં છે.

પુસ્તકના પ્રથમ નિબંધ 'કેરલના સૌંદર્યધામમાં'ના પ્રથમ જ વાક્યમાં ઉત્પ્રેક્ષા અલંકાર

છે. ''મેં કેરલમાં પગ મૂક્યો ને મારા શ્વાસમાં જાણે ફૂલો ઊગી નીકળ્યાનું મહેસૂસ થયું.'' (પૃ. ૧)

અહીં ઉત્પ્રેક્ષા અલંકારના કેટલાક દાખલાઓ આપું છું.

''ચમકતી વીજળી અને વરસતો વરસાદ જાણે મારું સ્વાગત કરતાં હોય એવી અનુભૂતિ થતી હતી.'' (પૃ. ૧). ''જાણે વૃક્ષોનેય વરસાદી વાયરાનો કેફ ન ચડ્યો હોય !'' (પૃ. ૨). ''ક્યારેક એવી જટિલ સમસ્યા સન્મુખ આવીને ઊભી રહે છે કે જાણે કાળ કોળિયો બનાવીને હડપ કરી જવા ન માગતો હોય !'' (પૃ. ૨૦). ''ગુજરાત એક્સપ્રેસ સમયની ગતિનો જાણે પ્રતિસ્પર્ધી ન બન્યો હોય એમ દોડ્યે જતો હતો.'' (પૃ. ૩૧). ''ચકભીલ્લુ રમતાં વરસાદી વાદળો વચ્ચે જાણે તેનેય (સૂરજને) ઘડીભર નાના બાળકની જેમ રમવાનું મન થઈ આવ્યું હોય તેમ ઘડીકમાં વાદળ પાછળ સંતાઈ જાય છે.'' (પૃ. ૧૭૭). ''આજનો સૂરજ જાણે ઊગવા માગતો જ ન હોય તેમ હજી લાગતું હતું.'' (પૃ. ૧૮૨). ''મારા બાપુજી એટલે જાણે કે ગાતું પંખી.'' (પૃ. ૧૮૯).

ઉપમા અલંકારો પણ ફ્રેડરિકભાઈના નિબંધોમાં સારા પ્રમાણમાં જોવા મળે છે. કેટલાક નમૂનાઓ અહીં નોંધું છું : આ ઉપમાઓમાં આપણે લેખકની મૌલિકતા પણ જોઈ શકીએ છીએ.

''નશામાં ડોલતા ને છકી ગયેલા માણસની જેમ નાળિયેરી, સોપારી, રબર, અનાનસ, જાયફળ જેવાં વિવિધ વૃક્ષો સાથે કેળ તથા આમ્રવૃક્ષો વિંઝાતા વાયરામાં ડોલી રહ્યાં હતાં.'' (પૃ. ૧-૨); ''ઉત્કર્ષ માટે નડતરરૂપ એવો પરિવેશ સાપની કાંચળીની જેમ ત્યાગી પોતાનો માર્ગ મોકળો કર્યો.'' (પૃ. ૩૪); ''ધીરજ ધારણ કરનાર માણસ એક ખડક જેવો છે.'' (પૃ. ૪૯); ''આજે તેના 'રખેવાળ' સમા પિતાજી મીઠી નજરોથી તેને રક્ષી રહ્યા છે.'' (પૃ. ૬૨); ''યુવાની પણ વસંત જેવી જ છે.'' (પૃ. ૭૩); ''સર્જનાત્મક ટીકા કડવી દવા જેવી છે.'' (પૃ. ૮૭); ''ચોમાસાના તોફાની ગર્જનોની જેમ સામસામી તદ્દન બીભત્સ ગાળો બોલવાની શરૂ કરી દીધી.'' (પૃ. ૧૦૧); ''બાળક તો કોરી સ્લેટ જેવું છે.'' (પૃ. ૧૦૩); ''ત્યારે બંધ કાળી સમી મારી સમજણ હતી.'' (પૃ. ૧૮૧); ''માત્ર પંખીની જેમ ગાવું. જાણે પંખીડાંની જેમ કે સાધુપુરુષની જેમ તેઓ પરોઢિયે જાગી જાય.'' (પૃ. ૧૯૦).

કહેવતો ફ્રેડરિકભાઈની ભાષા, સાહિત્યનો અભિન્ન ભાગ છે. અહીં ''પુષ્પ પરાગ''ની કેટલીક કહેવતો તપાસીએ. આ કહેવતો દ્વારા લેખક ચોક્કસ અર્થ રજૂ કરે છે.

''મિયાં પડે તોય પોતાની તંગડી ઊંચી ને ઊંચી રાખે.'' (પૃ. ૭); ''ધીરજનાં ફળ મીઠાં હોય છે.'' (પૃ. ૪૬); ''દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ.'' (પૃ. ૭૦); ''જ્યાં 'વાડ થઈને ચીભડાં ગળે' એવી પ્રવૃત્તિ હશે.'' (પૃ. ૭૭-૭૮ અને પૃ. ૯૪); ''તેથી તો કહેવાયું છે 'ધરતીનો છેડો ઘર.''' (પૃ. ૮૪); ''મહાનુભાવોએ નારીને એક માતા બરાબર સો શિક્ષકો સમાન ગણી છે.'' (પૃ. ૧૦૯); ''બે વાસણો ભેગાં થાય તો ખખડે પણ ખરાં.'' (પૃ. ૧૨૭); ''વેરાન રણમાં મીઠી વીરડી ફૂટી નીકળ્યાનું મહેસૂસ થતું.'' (પૃ. ૧૭૩); ''કાગનું બેસવું ને ડાળનું ભાંગવું.'' (પૃ. ૧૮૨); ''ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર.'' (પૃ. ૧૮૭).

ફ્રેડરિકભાઈની લખન શૈલીમાં રૂઢિપ્રયોગો સારા પ્રમાણમાં જોવા મળે છે. આ રૂઢિપ્રયોગો ગુજરાતી ભાષા પરના લેખકના પ્રભુત્વની ઘોષણા કરે છે. રૂઢિપ્રયોગો દ્વારા લેખકે સમાજમાં પ્રચલિત અને રૂઢ થઈ ગયેલા અર્થને અભિવ્યક્ત કર્યા છે.

''ગમાણમાં કોઈ ભેંસ આરડ્યા કરે તેનો અવાજ સંભળાય.'' (પૃ. ૬); ''અને એમ પોતાનો એકડો ઘૂંટીને ચાલતા થયા.'' (પૃ. ૭); ''અટલે તો કેટલાંક સારાં સામયિકોનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો છે.'' (પૃ. ૧૦); ''હે બાપ ! જો શક્ય હોય તો આ વાટકો (દુઃખરૂપી) મારાથી દૂર કર.'' (પૃ. ૧૯); ''સાજા-નરવા છતાં મરવાના વાંકે જીવતા માણસોની સામે તે મને વધુ ઊંચેરો જણાયો છે.'' (પૃ. ૫૯); ''કેટલીક 'દુઃખનું ઓસડ દહાડા' સમી બની રહે છે.'' (પૃ. ૬૯); ''મારી પુત્રી કે પુત્રે કંકુના કરી નાખ્યા છે.'' (પૃ. ૮૧); ''સીતા જેવી સીતાએ પણ પોતાની મર્યાદા (લક્ષ્મણરેખા) ઓળંગી.'' (પૃ. ૧૦૮); ''મેં કમર કસી. પરિણામ સફળતામાં આવ્યું.'' (પૃ. ૧૧૭).

ફ્રેડરિકભાઈના આ નિબંધો પાછળ એમનાં વાંચન અને ચિંતનનો પુરુષાર્થ જોઈ શકાય છે. તેમણે પોતેય કહ્યું છે કે ''અભ્યાસ સિવાયના વિવિધ પ્રકારનાં સારાં પુસ્તકોના વાંચનથી મારું જીવન ઘડાયું છે. પુસ્તકો મારા ઉત્તમ મિત્રો બની રહ્યાં છે.'' (પૃ. ૧૧).

મને ખાતરી છે કે બહોળું વાચન તથા ચિંતનની નીપજ રૂપે લખાયેલું પુસ્તક 'પુષ્પપરાગ' સૌ સહૃદયી સાહિત્યપ્રેમી વાચકોને ગમશે. હું આશા રાખું છું કે પોતાના ઘરમાં શ્રેષ્ઠ સાહિત્ય વસાવી વાંચવામાં માનનારા સૌ વાચકો ફ્રેડરિકભાઈનું પુસ્તક 'પુષ્પપરાગ' વસાવી વાંચશે.